# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.

2) RSS વડા મોહન ભાગવતે કહ્યું છે કે, અહિંસા એ ભારતનો ધર્મ છે, પરંતુ અત્યાચારી અને ઉપદ્રવીઓને પાઠ ભણાવવો એ પણ તેનો ધર્મ છે.

3) NTAએ - NEET-UG પરીક્ષા વિશે શંકાસ્પદ દાવાઓની જાણ કરવા માટે વિશેષ પ્લેટફોર્મ શરૂ કર્યું.

4) દક્ષિણ ઈરાનના શાહિદ રાજાઈ બંદર પર થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 14 થયો

5) ભારતના માનુષ શાહ અને દિયા ચિતાલેની જોડીએ WTT કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો મિક્સ ડબલ્સના ખિતાબ જીત્યો.

**************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની  આ 121મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના કાર્યક્રમનાં પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન A.I.R મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## RSS CHIEF-NON-VIOLENCE

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું છે કે અહિંસા એ ભારતનો ધર્મ છે અને તેના મૂલ્યોનો એક મહત્વપૂર્ણ ભાગ છે, પરંતુ અત્યાચારી અને ઉપદ્રવીઓને પાઠ ભણાવવો એ પણ તેનો ધર્મ છે.

ગઈકાલે નવી દિલ્હીમાં "ધ હિન્દુ મેનિફેસ્ટો" પુસ્તકનું વિમોચન કરતા ભાગવતે કહ્યું કે ભારત ક્યારેય બીજાને નુકસાન પહોંચાડતું નથી કે અપમાન કરતું નથી.

**(બાઈટ – મોહન ભાગવત્, આર.એસ.એસ. પ્રમુખ)**

---

# NTA- PLATFORM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA) રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા-NEET-UG 2025 વિશે શંકાસ્પદ દાવાઓની જાણ કરવા માટે વિશેષ પ્લેટફોર્મ શરૂ કર્યું છે.

એજન્સીએ ઉમેદવારોને સલાહ આપી છે કે તેઓ ગેરરીતિમાં સામેલ ન થાય અને ખોટા દાવાઓ દ્વારા પરીક્ષાર્થીઓને છેતરવાનો પ્રયાસ કરતાં અનૈતિક વ્યક્તિઓનો શિકાર ન બને. એજન્સીએ ઉમેદવારોને આવી ભ્રામક માહિતી ફેલાવતા લોકો વિશે 4 તારીખે સાંજે 5 વાગ્યા સુધીમાં એજન્સીની સત્તાવાર વેબસાઇટ પર જાણ કરવા વિનંતી પણ કરી છે.

---

# MEDIA ADVISORY

માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ મીડિયા ચેનલોને રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં આતંકવાદ વિરોધી કામગીરી અને સુરક્ષા દળોની ગતિવિધિઓનું જીવંત પ્રસારણ ન કરવા સલાહ આપી છે.

મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણમાં મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા સાવંદદાતા

## (બાઈટ – દિપેન્દ્રર સંવાદદાતા)

---

# NIA PAHALGAM

ગૃહ મંત્રાલયે પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી-NIAને સોંપી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હવે એજન્સી ઔપચારિક રીતે આતંકવાદી હુમલાની ઘટનાની તપાસ કરશે. અગાઉ, NIA ટીમે આતંકવાદી હુમલાના સ્થળની મુલાકાત લીધી હતી. આ હુમલો આ મહિનાની 22મી તારીખે પહેલગામના બૈસરન જંગલ વિસ્તારમાં થયો હતો, જેમાં 26 લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

---

# WAVES 2025

મુંબઈમાં 1થી 4 મે દરમિયાન યોજાનાર વેવ્ઝ 2025 - વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન સમિટ દરમિયાન વાર્તા કહેવાના ભારતના ગહન વારસા અને વૈશ્વિક મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં તેના વધતા પ્રભાવને બિરદાવતા ‘ભારત પેવેલિયન’નું અનાવરણ કરવામાં આવશે. 'આર્ટ ટુ કોડ' થીમ પર આધારિત, આ પેવેલિયન ભારતની 'વસુધૈવ કુટુમ્બકમની ભાવના પ્રદર્શિત કરશે

ભારત મંડળના કેન્દ્રમાં આવેલા ચાર ઝોન મુલાકાતીઓને ભારતીય વાર્તા કહેવાની પરંપરાઓનો પરિચય કરાવશે.

ભારત પેવેલિયન, સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવા ઉપરાંત, વિવિધ સાંસ્કૃતિક ભાગીદારી અને રોકાણોને પ્રોત્સાહન આપવા માટે મજબૂત સરકારી સમર્થનનું પણ પ્રતીક હશે.

---

## IRAN-BLAST

દક્ષિણ ઈરાનમાં અબ્બાસ નજીક આવેલા શાહિદ રાજાઈ બંદર પર ગઈકાલે થયેલા વિનાશક વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 14 થઈ ગયો છે, જ્યારે 750 લોકો ઘાયલ થયા છે. ગૃહમંત્રી એસ્કંદર મોમેનીએ આ માહિતી આપી. હોર્મોઝગન પ્રાંતના બંદર પર અજ્ઞાત કારણોસર ઇંધણ ટેન્કરમાં વિસ્ફોટ થયા બાદ આ ધડાકો થયો હતો.

રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં પીડિતો પ્રત્યે દુ:ખ અને સહાનુભૂતિ વ્યક્ત કરી અને ઘટનાના કારણોની તપાસ કરવાનો આદેશ જારી કર્યો. તેમણે કહ્યું કે આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા માટે ગૃહમંત્રીને તેમના ખાસ પ્રતિનિધિ તરીકે પ્રદેશમાં મોકલવામાં આવ્યાછે.

નેશનલ ઈરાની પેટ્રોલિયમ રિફાઇનિંગ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કંપનીએ જણાવ્યું હતુંકે વિસ્ફોટથી તેલ સુવિધાઓને કોઈ અસર થઈ નથી.

---

## RUSSIA-NORTH KOREAN SOLDIER

રશિયાએ પહેલી વાર યુક્રેન સામેના યુદ્ધમાં ઉત્તર કોરિયાના સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હોવાની પુષ્ટિ કરી છે.

રશિયન સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફના વડા વેલેરી ગેરાસિમોવે બંને દેશો વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સંધિ અનુસાર કુર્સ્ક સરહદી વિસ્તારમાં ઉત્તર કોરિયાના લડવૈયાઓની ભૂમિકાનો સ્વીકાર કર્યો. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ પણ આવું જ નિવેદન આપ્યું હતું. જોકે, ઉત્તર કોરિયાએ પોતાના સૈનિકો મોકલવાની પુષ્ટિ કરી નથી.

ગયા વર્ષે જૂનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉન વચ્ચે ભાગીદારી સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં બંને નેતાઓએ તેમનામાંથી કોઈ પર પણ હુમલો થવાની સ્થિતિમાં લશ્કરી સહાય પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

---

## IRAN--US-NUCLEAR-TALKS

ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ વાટાઘાટોનો ત્રીજો રાઉન્ડ મસ્કતમાં સમાપ્ત થયો છે.

આ વાટાઘાટોનો ઉદ્દેશ્ય ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર દાયકાઓ જૂની મડાગાંઠને ઉકેલવાનો છે.બંને પક્ષો આવતા અઠવાડિયે વાટાઘાટો યથાવત રાખવા સંમત થયા છે. આ ચર્ચામાં બંને પક્ષો વચ્ચે રાજદ્વારી વાટાઘાટો અને ટેકનિકલ, નિષ્ણાત સ્તરની ચર્ચાઓનો સમાવેશ કરાયો હતો.

વાટાઘાટો પછી, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે વાટાઘાટોનો આ રાઉન્ડ પહેલા કરતાં વધુ ગંભીર રહ્યો અને બંને પક્ષો ધીમે ધીમે પરમાણુ મુદ્દાઓના તકનીકી પાસાઓમાં ઊંડા ઉતર્યા. દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ

ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ એક નવા કરાર પર પહોંચવામાં સફળ થશે જે ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવવાથી અટકાવશે.

---

## TABLE TENNIS- WTT CONTENDER

ભારતના માનુષ શાહ અને દિયા ચિતાલેની જોડીએ WTT કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો મિક્સ ડબલ્સના ખિતાબ જીત્યો છે.

ગઈકાલે ટ્યુનિશિયાની રાજધાની ટ્યુનિસમાં રમાયેલી ફાઇનલમાં, માનુષ અને દિયાની જોડીએ જાપાનની સોરા માત્સુશિમા અને મિવા હરિમોટોની બીજી ક્રમાંકિત જોડીને 3-2 થી હરાવીને ખિતાબ જીત્યો છે.

---

## IPL

IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.

આ સાથે બંને ટીમોને એક-એક અંક મળ્યો. કોલકાતામાં રમાયેલી આ મેચમાં પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 201 રન બનાવ્યા હતા. પ્રિયાંશ આર્યએ 69 અને પ્રભસિમરન સિંહે 83 રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી વૈભવ અરોરાએ બે વિકેટ લીધી. જવાબમાં, કોલકાતા નાઈટ રાઈડર્સે વરસાદને કારણે મેચ રોકાઈ ત્યારે એક ઓવરમાં વિના વિકેટે 7 રન બનાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પંજાબ કિંગ્સ ૧૧ પોઈન્ટ સાથે ચોથા અને કોલકાતા સાત પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

IPLમાં આજે મુંબઈ ઈન્ડિયન્સ બપોરે 3:30 વાગ્યે મુંબઈમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે. બીજી મેચમાં, દિલ્હી કેપિટલ્સનો મુકાબલો સાંજે 7.30 વાગ્યે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- ઇરાનના પોર્ટ સિટી અબ્સમાં વિસ્ફોટમાં દસના મોત અને અનેક ઘાયલ, પીઓકેમાં ભારતે વોટર બોમ્બ ફોડ્યો, લંડનમાં પાકિસ્તાન રાજદૂતની શરમજનક ચેષ્ટા, બિલાવલ ભટ્ટોએ કરેલા ધમકી ભર્યા ઉચ્ચારણો જેવા સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.
- અખબારો પ્રમાણે જોઇએ તો યુક્રેન યુધ્ધનો અંત લાવવામાં પુતિનને રસ નથીઃ ટ્રમ્પ ના નિવેદન સાથે ગુજરાત સમાચારે હેડવાઇન બનાવી છે.
- સંદેશ દૈનિક અને નવગુજરાત સમયે ઇરાનના અબ્બાસના બંદર પર થયેલા વિસ્ફોટના સમાચાર હેડલાઇન્સમાં લીધાં છે.
- ફૂલછાબની આજની હેડલાઇન છે પીઓકેમાં ભારતે ફોડ્યો વોટર બોમ્બ.
- દિવ્ય ભાસ્કરે અડધી રાત્રે બાંગ્લાદેશી ઘૂસણખોરો ઉપર ગુજરાતની સ્ટ્રાઇક એક હજારની ધરપકડના સમાચાર હેડલાઇનમાં લીધાં છે.
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ લખ્યું છે કે ફિફ્ટીન લોકલ કેડર્સ હેલ્પ એટેકર્સ.
- રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં ગુજરાત પોલીસ દ્વારા શરૂ કરાયેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો સામેના ઓપરેશન , સચિવાલયથી અમદાવાદની મેટ્રો

**સેવાનો આરંભ અને અમદાવાદમાંથી ભેળસેળયુક્ત તેલનો જથ્થો જપ્ત જેવા સમાચાર છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યા છે.**

- **રમતગમતના પેજ ઉપરઆઇપીએલમાં કોલકત્તા અને પંજાબ વચ્ચેની મેચ વરસાદે ધોઇ નાંખી તેમજ આજની બે મેચના સમાચાર પણ વાંચવા મળી રહ્યાં છે.**

**-----------------------------------------------------**